# નારીજીવનની વ્યથાને વ્યક્ત કરતી સરોજ પાઠકની વાર્તા 'સારિકા પંજરસ્થા'

ડૉ. અમીબેન સંજયકુમાર સોની
એમ.એ.,એમ.ફિલ.,સ્લેટ.,પીએચ.ડી.
મુલાકાતી વ્યાખ્યાતા, ગુજરાતી વિભાગ
શ્રીમતી સી.સી.મહિલા આર્ટ્સ એન્ડ
શેઠ.સી.એન.કોમર્સ કૉલેજ, વિસનગર, ગુજરાત.

આધુનિક સમયમાં ઘટનાની ઝાકમઝોળના બદલે પાત્રના આંતરમનને રજૂ કરવાની એક વૃત્તિ લેખકમાં દેખાય છે અને પરિણામે ગુજરાતી ટૂંકીવાર્તાની નિરૂપણરીતિમાં પરિવર્તન આવ્યું. ઘટનાનો શક્ય તેટલો ઉપયોગ ઘટાડીને માનવના મનને, તેના સંચલનોને, તેની ભીતરી લાગણીઓ, સંવેદનાઓને, તેના મનોજગતને વાર્તાઓમાં રજૂ કરવાનું વલણ આધુનિક સર્જક ધરાવે છે પરિણામે પાત્રોનું મનોવિશ્વ તેમાં ઊઘડતું જોવા મળે છે. સરોજ પાઠક પાસેથી પણ પાત્રોના આંતરમનને વ્યક્ત કરતી એવી પ્રશસ્ય કહી શકાય તેવી વાર્તાઓ મળી રહે છે.

ગુજરાતી સાહિત્યક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનારા એવા સરોજ પાઠકનો જન્મ કચ્છના ઝખઉમાં ૧લી જૂન ૧૯૨૯ના રોજ થયો હતો. નાનપણથી જ સર્જનશક્તિની કુદરતી ભેટ તેમને મળેલી એમ કહી શકાય. તેઓ ગુજરાતી વિષયનાં અધ્યાપિકા બન્યાં અને ત્યારબાદ પણ તેમનું જે સર્જનકાર્ય હતું તે ચાલુ જ રહ્યું. સરોજ પાઠક પાસેથી સાત વાર્તાસંગ્રહો મળે છે. 'પ્રેમ ઘટા ઝૂક આઈ'(૧૯૫૯), 'પ્રીત બંધાણી'(૧૯૬૧), 'મારો અસબાબ, મારો રાગ' (૧૯૬૬), 'વિરાટ ટપકું'(૧૯૬૬), 'તથાસ્તુ'( ૧૯૭૨), 'હુકમનો એક્કો'(૧૯૮૭), 'હું જીવું છું'(૧૯૯૦) આ બધા જ સંગ્રહોમાંથી કુલ મળીને જોઈએ તો એકસો બાવીસ જેટલી વાર્તાઓ તેમાં સમાવિષ્ટ થયેલી જોવા મળે છે. નીજી અંત:પ્રેરણા તેમજ કલાસૂઝથી આધુનિકતાનો જેટલો સમન્વય સધાયો છે તે કલાને આભારી હોવાની એક એવી પ્રતીતિ સાથે તેમજ વિશિષ્ટ પ્રતિભાના બળે પૂર્ણ રીતે કલાસૌંદર્યવાળી કહેવાય એવી અભિનવ પ્રયોગશીલ કૃતિઓ આપનારા આ યુગના ઉત્તમ વાર્તાસર્જકો છે તેમાં ચંદ્રકાન્તબક્ષી, મધુરાય અને સરોજ પાઠકનો ઉલ્લેખ કરી શકાય.

સરોજ પાઠકની વાર્તાઓમાં વિશેષ રીતે જોઈએ તો, માનવમનનાં ઊંડાંણોનો તાગ લેવાની એક વિશિષ્ટ શક્તિ રહેલી છે ઉપરાંત પાત્ર ચિત્રણની આવડત તેમજ તેમની વાર્તાઓનું જે વિષય વૈવિધ્ય છે તેના કારણે આધુનિકજીવનને સફળ રીતે આલેખવાની કલાસૂઝનો પરિચય તેમની વાર્તાઓમાં થાય છે. તેઓ પોતાની વાર્તાઓમાં પાત્રોના આંતરમનનાં સંચલનોને બારીકાઇથી નિરૂપે છે. તેમના સાહિત્યમાં માનવમનને જાણવાની એક મથામણ રહેલી છે. માનસિકસંચલનો તેમજ માનવમનની ગતિવિધિ તેમની વાર્તાઓમાં પ્રગટ થાય છે. તેમની વાર્તાઓમાં બાહ્ય ઘટના ખૂબ ઓછી બને છે પરંતુ તેથી વિશેષ જે કંઈ ઘટે છે તે બધું તો પાત્રોના મનમાં જ ઘટે છે. માનવચિત્તનું અસરકારક વર્ણન તેમાં થયેલું જોવા મળે છે.

'સારિકાપંજરસ્થા' એ વાર્તાનાયિકાના બંધિયાળ જીવન દ્વારા વ્યક્ત થતી તેની વિવશતાને રજૂ કરતી સરોજ પાઠકની એક સફળ વાર્તા છે. વાર્તાનાયિકાની મનોવેદનાને ઉજાગર કરતી, કરૂણતાની પરાકાષ્ઠાને વ્યક્ત કરતી એવી વાર્તા છે. અહીં નાયિકાની વેદના છે તે આકારિત થતી અનુભવાય છે. નાયિકાણા જીવન વિશે વાત કરીએ તો એ જ્યારે નાની હોય છે ત્યારે તે તેના માતા પિતાના બંધનમાં રહે છે અને તેની વધુ આગળ ભણવાની ઈચ્છા હોવા છતાં પણ તેની એ ઈચ્છાને નકારીને તેનાં મા-બાપ તેનાં લગ્ન કરી દે છે અને લગ્ન પછી પણ તેને પોતાના પતિની ઈચ્છા મુજબ જ વર્તવું પડે છે અને ત્યાં સારિકાની જે વેદના છે તેનો અણસાર સાંપડે છે.

સારિકા નાની હતી ત્યારે તેને ભણાવવા આવતાં ઘરડા માસ્તર તેની સાથે કઠોર વ્યવહાર કરે છે. બહારની સૃષ્ટિ જોવામાં મશગૂલ સારિકાનું મન ગણિતના દાખલા ગણવામાં નહી પરંતુ પેલા ભીની  માટીના ઢગલામાં તેની પર પડતાં વરસાદના છાંટામાં, રેતીની સુંગધમાં ભળી જવાનું કરે છે. માસ્તર તેને ભણવાનું કહે છે પણ તે સતત બહાર તાકી રહે છે અને એટલામાં સારિકા બહારના વાતાવરણની વાત કરે છે ત્યાં ગુસ્સે ભારયેલ માસ્તર તેના કપાળમાં સ્લેટ મારે છે અને ત્યારે લોહી નીકળતાં બૂમ પાડી બેસતી સારિકાને જોઇને નર્સ દોડી આવે છે અને ત્યારે એ પ્રસંગ સારિકાનું એક સ્વપ્ન હોવાનું નર્સ જણાવે છે. તો થોડીવાર પછી વળી પાછી સારિકા કશાક ખ્યાલોમાં ખોવાઈ જાય છે અને ત્યારે તેનું મન તેની મરજી વિરુદ્ધના કોઈ જ શરણાઈ વગર થયેલા ઢોલ વગર થયેલા સાવ ફિક્કા લગ્નના વિચારમાં ડૂબી જાય છે અને એટલામાં જ પાછું કોઇ તેને હલાવીને દવા પીવડાવવા આવે છે સારિકા દવા નથી પીતી ત્યારે નર્સ તેને માતાજીને કહી દેવાની ધમકી આપે છે ત્યારે સારિકા ઉચ્ચારે છે: "ડોકટર...માતાજી...ઓહ, મને ધમકી આપે છે આ ! માતાજી દવા પીવડાવી દેશે એમ ને ? પીવી જ પડશે ? પી જ જવાની ને ? બધું મરજી... શૂન્યતા..." ૮'સરોજ પાઠકની શ્રેષ્ઠ વાર્તાઓ', સરોજ પાઠકલ 'સારિકા પંજરસ્થા'લ પૃ.૧૧૯

વારંવાર સારિકા ભૂતકાળની યાદોમાં સરી જતી જોવા મળે છે. સારિકાને ભણવાની ખૂબ ઈચ્છા હતી છતાં પણ તેની મા તેને સારા ઘરનો મુરતિયો છે તેની સાથે લગ્ન કરી દેવાનું કહે છે ત્યારે તેની ઈચ્છા હોતી નથી છતાં તેની મરજી વિરુદ્ધ તેનાં લગ્ન કરી દેવામાં આવે છે. તેમાં કોઈ ધામધૂમ કે કશું હોતું નથી અને એવા મરજી વિરુદ્ધના લગ્ન સારિકાને ડંખે છે અને તેનો પતિ સાથી હોતો

નથી તે બધા વિચારોના વમળોમાં સારિકા સતત ફસાય છે. ઘડીક એ પોતાના વિવિધ ખ્યાલોમાં ખોવાય છે અને ત્યાં કોઈકને કોઈક આવી જાય છે તેની ખબર પૂછવા માટે તેના સાસુને પૂછે છે અને તે જણાવે છે તેના લવારા વધતા જાય છે એમ, સારિકાની સ્થિતિ નબળી પડતી જાય છે અને ત્યારે મળવા આવેલા લોકોનો અવાજ તેને સંભળાય છે પરંતુ, તે કોઈને ઓળખી શકતી નથી. વળી પાછી સારિકા બાળપણની યાદોમાં સરી જાય છે અને તે નાની હતી ત્યારે તેની મા તેને ગીત ગાવાનું કહેતી પણ સારિકાને એ પસંદ નહોતું એટલે એ ગાતી નથી ત્યારે એની મા પરને એની મરજી વિરુદ્ધ એની પાસે ગવડાવે છે અને લગ્ન પછી જ્યારે તે સાસરે જાય છે ત્યારે તેનો પતિ તેની મરજી મુજબ તેને કરાવે છે. પોતે ડાન્સ નથી કરવા માગતી એને ડાન્સ નથી આવડતો એમ કહે છે ત્યારે એનો પતિ જબરદસ્તીથી એને ડાન્સ ક્લાસ મોકલે છે. ક્લબમાં જવાની સારિકાની ઈચ્છા ન હોવા છતાં પણ એ તેને ત્યાં મોકલે છે. સતત સારિકાની જે ઈચ્છા નથી હોતી તે કરવા માટે તેને દબાણ કરવામાં આવે છે અને ત્યારે પોતે મનોમન ખૂબ જ દુ:ખી થાય છે.

બીજી તરફ તેના પતિની કોઈ અન્ય સ્ત્રી મિસિસ તારાપુરવાલા સાથેની હીન એવી શારીરિક ચેષ્ટાઓ સારિકાને ઊંડો આઘાત પહોંચાડે છે, તેને ભીતરથી જાણે કે હચમચાવી મૂકે છે. પોતાના પતિને અન્ય સ્ત્રી સાથે લગોલગ બેસેલો જોઇને તે બંને નહી પરંતુ સારિકા શરમમાં મૂકાઇ જાય છે અને ત્યારે તેની ભીતર જે ખળભળાટ મચી જાય છે. મિસિસ તારાપુરવાલાના કૂતરાને જોઇને નાનાં મોટાં કૂતરાની છબી સારિકાના માનસપટ પર છવાઈ જાય છે. વાર્તાનાયિકા સારિકા પોતે એક સંસ્કારી સ્ત્રી હોઈ સારી કેળવણી મેળવવા ઈચ્છતી હોવા છતાં પણ તેનાં માતા-પિતા તેનાં લગ્ન કરવી દે છે અને ત્યારે તેના બધા જ સપનાઓની જાણે કે આહૂતિ અપાય છે. આમ, લગ્ન પછી પણ સંતાનની ઈચ્છા સેવતી સારિકાને એકવાર તેના પતિ દ્વારા આઘાતજનક વેણ કહેવામાં આવે છે: "તારે જો ગોદ ભરવાની કે વાત્સલ્ય ઠાલવવાની ઉતાવળ જ હોય તો આ કુરકુરિયું શું ખોટું છે?" ૮'સરોજ પાઠકની શ્રેષ્ઠ વાર્તાઓ', સરોજ પાઠકલ 'સારિકા પંજરસ્થા'લ પૃ.૧૨૫૯

પતિના આવા કડવા શબ્દોથી ઊંડો આઘાત અનુભવતી સારિકાને તેનો પતિ અત્યારે બાળક ન લાવવા દબાણ કરે છે ત્યારે તેને કરગરતી સારિકાની આજીજીમાંથી વ્યક્ત થતી તેની વેદના વાર્તાને ગમગીન બનાવી મૂકે છે. તેના પતિના મૃત્યુ બાદ જ્યારે માનસિક રીતે ભાંગી પડતી એવી તેને હોસ્પિટલમાં લઈ જવાય છે અને હોસ્પિટલમાં રહેલી સારિકાની જે મનોવેદના છે તે તેની વૈચારિક સૃષ્ટિમાં થતી ચહલપહલથી તેના વર્તન દ્વારા જાણી શકાય છે. સારિકાનો પતિ તેની કશી જ મરજી મુજબ થવા દેતો નહોતો અને જ્યારે તેનું મૃત્યુ થાય છે ત્યારે તેના ઘરના લોકો સારિકાને હોસ્પિટલમાં દાખલ કરે છે. આમ, સતત બધુ જ પોતાની ઈચ્છા વિરુદ્ધ થઈ રહ્યું અનુભવતી સારિકાની મનોવેદના ત્યાં આકારિત થતી જણાય છે. જે પતિના ઈશારે આજસુધી સારિકા નાચતી રહી હતી એ જ પતિના મૃત્યુ બાદ તે સાવ જડ બની જાય છે. તેના પતિનું મૃત્યુ થયેલ એ સમયે પણ તે પોતે જરાય રડતી નથી અને એ બધા પ્રસંગો તેને હોસ્પિટલના પલંગ પર પડ્યા પડ્યા યાદ આવે છે અને તેના બબડાટથી આસપાસના લોકો તેને ગાંડી કહે છે, તેનું મગજ નબળું પડી ગયું હોવાનું જણાવે છે. ધીમે ધીમે સારિકાની તબિયત પણ વધુ બગડતી જતી હતી. અને ત્યારે રડતી સારિકા નર્સને કહે છે: "નર્સ...નર્સ...હું રડું છું ? મારી આંખોમાં આંસુ છે ? સાસુજીને બોલવ... પેલા મહેમાનોને બોલવ. નહિ, નહિ, નર્સ, તું મારી આંખો ન લૂછ. મહામહેનતે મને આંસુ મળ્યાં. કોઈ કિંમતે હું તને મારા આંસુ નહિ આપું. જા...જલ્દી જા...દોડ, હું રડું છું...હા...આંસુ...આંસુ..."૮'સરોજ પાઠકની શ્રેષ્ઠ વાર્તાઓ', સરોજ પાઠકલ 'સારિકા પંજરસ્થા'લ પૃ.૧૨૯-૩૦૯

પોતની આજસુધીની જે ભીતરની વેદના છે તેને સારિકા નર્સ આગળ આંસુ દ્વારા વ્યક્ત કરે છે ત્યારે: " આયા...નર્સ...ડોકટર...દરદીને દંગા મચાયા. ચલો જલદી કરો. પલંગકા પીંજરા ડાલ દો. બંધ કર દો." ૮'સરોજ પાઠકની શ્રેષ્ઠ વાર્તાઓ', સરોજ પાઠકલ 'સારિકા પંજરસ્થા'લ પૃ.૧૩૦૯

સારિકાની જીવનભરની વેદના સભર લાગણીઓ હોસ્પિટલમાં દાખલ થયા બાદ એક પછી એક તેના માનસપટ પર છવાઈ જતાં તેના વિશે તે બોલ્યા જ કરે છે અને તેને જોઇને તેના સગાસંબંધીઓ તેમજ હોસ્પિટલની નર્સ, ડોકટર બધા જ પાગલ સમજે છે અને તેથી તેના પર પાંજરું ઢાંકી દેવામાં આવે છે એ સાથે જ વાર્તાનો કરૂણ અંત આવે છે.

પ્રસ્તુત વાર્તાની વાર્તાનાયિકા સારિકા જન્મથી લઈને તેના લગ્ન થયા ત્યાં સુધી અરે ! લગ્ન થયા પછી પણ તે માત્ર બીજાઓના હુકમો પ્રમાણે જ વર્તતી રહે છે. તેની પોતાની મરજીનું કોઈ જ મૂલ્ય નથી. તે નાની હતી ત્યારે માતા પિતા સતત તેને દરેક બાબતે ટોક્યા કરતાં હતાં. તેને ભણાવતા ઘરડા માસ્તર તેની પર દબાણ રાખતા, તેનાં માતાપિતા તેની ઈચ્છા મુજબનું કશું કરવા નહોતા દેતાં. તેને અભ્યાસ કરવાની ઈચ્છા હતી છતાં તેના લગ્ન કરી દેવાયાં.લગ્ન પણ એવા વ્યક્તિ સાથે થયાં કે જે સારિકાને કે તેની કોઈ ઈચ્છાઓ, લાગણીઓને કોઈ મહત્વ આપતો નહોતો. સારિકાને ડાન્સ શીખવાની ઈચ્છા ન હોવા છતાં પણ એ તેને ડાન્સક્લાસ મોકલે છે. સારિકાને બાળકની ઈચ્છા હોવા છતાં તેનો પતિ તે માટે તૈયાર થતો નથી અને કુરકુરિયું રાખવાની સલાહ આપે છે ત્યારે સારીકાનું હ્રદય ચિરાઈ જાય છે અને તેમાંથી ભારોભાર વેદના છલકાય છે. સારિકાના પતિના અન્ય સ્ત્રી મિસિસ તારાપુરવાલા સાથેના સંબંધો તેને ઊંડો આઘાત પહોંચાડે છે.

સારિકા પોતાના જીવનમાં પોતાની મરજી મુજબ કશું જ કરી શકતી નથી તેથી એમ કહી શકાય કે તે બીજાના હાથની કઠપૂતળી બનીને રહી જાય છે. પોતાની સઘળી ઈચ્છાઓ, અરમાનો બધું જ અધૂરું રહી જાય છે અને તેમાંથી નીકળતી વેદના જાણે કે શરીર પર પડેલાં ઉઝરડા હોય તેમ તેને પીડા પહોંચાડે છે. કોઈ જ તેની વાત પર વિશ્વાસ કરતું નથી અને તેના પતિના મૃત્યુ બાદ તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે ત્યાં પણ ભૂતકાળમાં સરી જતી સારિકા જે કંઈ બોલે છે તેના થકી તેને ગાંડી ગણવામાં આવે છે અને ત્યાં પણ તેની ઈચ્છા વિરુદ્ધ તેને દવા આપવામાં આવે છે તેની સારવાર દરમિયાન પણ તેને એક પાગલ જ સમજવામાં આવે છે અને છેવટે આંસુઓ દ્વારા વહેતી તેની વેદનાને અવગણીને લવારાનું નામ આપીને તેની સ્વતંત્રતા હણી લેતું એવું એક પાંજરું તેના પર ઢાળી દેવામાં આવે છે. આમ, નાનપણથી જ પરાધીન રહેલી એવી વાર્તાનાયિકા સારિકાની જે મનોવેદના છે જે

મનોસંચલનો છે તે અહીં વ્યક્ત થતાં જોવા મળે છે અને તેની જે સ્વતંત્રતા છે તે છીનવાઈ જતાં પોતે જાણે કે એક પાંજરામાં હોવાનું સતત અનુભવે છે અને તેઓ પતિ જ્યારે હયાત નથી ત્યારે હોસ્પિટલમાં ઢળાતા પાંજરાથી તે ફફડી ઉઠે છે. એ દ્રષ્ટિએ જોઈએ તો આ વાર્તાનું શીર્ષક પણ પ્રતીકાત્મક રીતે જ અહીં રજૂ થયેલું છે એવું આપણે ચોક્કસ કહી શકીએ. આમ, સ્ત્રીની વેદનાને વ્યક્ત કરી વાચા આપવાનો સબળ પ્રયાસ લેખિકાએ અહીં કરેલો છે તે જોઈ શકાય છે.

પ્રાચીન સમયમાં જરાક ડોકિયું કરીએ તો એ ખ્યાલ ચોક્કસ આવશે કે સ્ત્રીઓની સ્થિતિ તે સમયના સમાજમાં ઘણી દયનીય હતી. દરેક પ્રકારના બંધનમાં લપેટાયેલી એ નારી પોતાના જીવનમાં અન્યના ઈશારે નાચ્યા સિવાય બીજું કશું કરી શકતી નહોતી. પરાધીન સ્થિતિ, મરજી વિહોણું જીવન, કુટુંબમાં નત મસ્તક જીવવાનું એ તેના ભાગ્યમાં જાણે કે જન્મથી જ લખી ચૂક્યું હતું. પરિણામે જે કંઇ બને એ સ્ત્રીની મરજી વિરુદ્ધ કે પછી તેને પૂછ્યા વગર થતું અને તેથી જ એવું કહી શકાય કે, સમાજમાં સ્ત્રીઓની દુ:ખદ સ્થિતિને લઈને પાંજરા સમાન બનતા તેમના જીવનમાંથી વ્યક્ત થતી તેમની લાચાર સ્થિતિ, વ્યગ્ર મનોદશાનો ખ્યાલ આ વાર્તામાં સાંપડે છે. અહીં પણ પ્રસ્તુત વાર્તાની નાયિકા સારિકા પોતે સ્વતંત્ર અરમાનો ધરાવતી સ્ત્રી છે. છતાં બાળપણથી જ તેના એ અરમાનોને પાંજરામાં કેદ કરી દેવાયા છે. તેની ભણવાની ઈચ્છા હોવા છતાં પણ તેના માતાપિતા તેને આગળ ભણાવતા નથી અને તેની મરજી વિરુદ્ધ તેનાં લગ્ન કરી દેવામાં આવે છે. લગ્ન પછી સાસરી ગયેલી સારિકાની મરજી વિરુદ્ધ તેને ડાન્સ ક્લાસ તેનો પતિ મોકલે છે. ડાન્સ શીખવાની સારિકાની બિલકુલ ઈચ્છા ન હોવા છતાં તેને એમ કરવું જ પડે છે. બીજી તરફ સ્વતંત્ર જીવન જીવતા તેના પતિના અન્ય સ્ત્રી સાથેના આડા સંબંધો વિશે જાણતી હોવ છતાં તેને કશું જ બોલવાનો અધિકાર નથી અને તેથી પોતાની પીડાને ભીતર જ રાખીને સહન કરે જાય છે. બીજી તરફ તેના પતિના મૃત્યુ બાદ માનસિક સ્થિતિ નબળી પડતી સારિકાને તેના સાસરિય હોસ્પિટલમાં દાખલ કરે છે અને ત્યાં પણ દરેક ક્રિયા એની મરજી વિરુદ્ધ થયા જ કરે છે અને તે મનોમન દુ:ખી થાય છે. દવા લેવા પણ તેની સાથે થતી જોહુકુમી એટલી હદે કે દિવસે ને દિવસે તેની માનસિક સ્થિતિ સુધરવાના બદલે વધુ બગડતી જાય છે અને એકદિવસ એવો આવે છે કે સારિકા ભૂતકાળનાં સ્મરણોમાં ખોવાઈ જાય છે અને રડી પડે છે ત્યાં નર્સને પોતાના આંસુ વહી હવા દેવા જણાવે છે પરંતુ હોસ્પિટલનો સ્ટાફ તેને ગાંડી ગણીને તેની પર પાંજરું ઢાળી દે છે અને એ સાથે જ સમગ્ર વાર્તા વેદનાના વહેણમાં ખેંચાતી અનુભવાય છે અને ત્યાં જ તેનો કરુણ અંત આવે છે. આમ, નારીજીવનની વ્યથાને વ્યક્ત કરતી સરોજ પાઠકની 'સારિકા પંજરસ્થા' વાર્તા આસ્વાદ્ય બની રહે છે.

**સંદર્ભ:**

I. પાઠક સરોજ, 'સરોજ પાઠકની શ્રેષ્ઠ વાર્તાઓ', શબ્દલોક પ્રકાશન અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,૧૯૮૧.

II. '૧૯૯૬ની શ્રેષ્ઠ વાર્તાઓ', સં. મણિલાલ હ.પટેલ, આર.આર.શેઠની કંપની, પ્રથમ આવૃત્તિ, ફેબ્રુઆરી, ૧૯૯૭.